

હર હર મહાદેવ... - શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારની સાંજે શહેરના શિવાલયોમાં વૈવિધ્યપૂર્ણ શણગાર કરાયો હતો... હર હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા... ભોળાનાથને વિનવતા ભાવિકો પ્રાર્થતા હતા કે હવે, કોરોનાની ત્રીજી લહેર ન આવે એવી પ્રાર્થના કૃપાનિધીના ચરણોમાં સમર્પિત કરાઈ હતી...

# મનપાની ચૂંટણીઓ અંગે રાજકીય અટકળો તેજ પણ પંચ છાશ ફૂંકી ફૂંકીને ડગ ભરશે...

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓ ક્યારે યોજાશે તેનો લઈ પાટનગરમાં રાજકીય અટકળો તેજ બની છે. સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહમાં કે ઓક્ટોબરમાં તેને લઈ પણ આ ચર્ચાઓ ટોક ઓફ ધી ટાઉન બની છે.

રાજ્ય ચૂંટણી પંચે ચોમાસાની ઋતુમાં થતા વાહકજન્ય તેમજ પાણીજન્ય રોગચાળાને ધ્યાને લઈ ચૂંટણીઓ ફરીથી સ્થગિત કરી છે.

રાજ્યભરમાં વરસાદ જે રીતો ખેંચાયો છે અને જે પરિસ્થિતિ ઉભી થઈ રહી છે તેને પગલે ચૂંટણી પંચ હવે શું નિર્ણય લેશે તે તો પંચ જ કહી શકે. સપ્ટેમ્બર માસમાં સામાન્યતઃ ચોમાસુ વિદાય લેતુ હોય છે એટલે પંચ દ્વારા આગામી એકાદ સપ્તાહ પછી આ મદ્દે વિચારણા હાથ ધરે તેવી સંભાવનાઓ વધુ રહેલી છે. જો કે હાલ આ મુદ્દે ''જૈસે થે''ની સ્થિતિ હોવાનું પંચના સૂત્રો કહી રહ્યા છે.

રાજકીય વર્તુળોમાં ચૂંટણી સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહમાં જ યોજાશે તેવી અટકળો વધુ તીવ્ર બનીને ચર્ચામાં રહી છે. જોકે શહેરમાં હાલ કોરોનાનું સંક્રમણ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને વાહકજન્ય રોગચાળાના કેસો જરૂર નોંધાયા છે. પરંતુ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું સૂત્રોએ કહ્યુ છે.

૨૦૧૯ની તુલનામાં શહેરમાં હાલ જે કેસો વાહકજન્યના મળી રહ્યા છે તે લગભગ સરખે સરખા જેવા હોવાનું પણ તંત્રના સૂત્રોનું માનવુ છે.

જો કે પંચ કોઈપણ નિર્ણય લેતા પહેલાં કલેક્ટર, આરોગ્યતંત્ર અને પોલીસતંત્ર સાથે સ્થિતિને લઈ સમીક્ષા કરશે આ પછી જ તે અંગેનો નિર્ણય લેશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં જે ચૂંટણી યોજાવાની હતી ત્યારે અને આજની સ્થિતિમાં ઘણો બદલાવ છે. મતદાર યાદીની સુધારણા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૩ દિવસ બાદ કોરોનાનો વધુ એક કેસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ૩ દિવસ બાદ વધુ એક કોરોનાનો કેસ નોંધાયો છે. આજે કોરોનાનો કેસ નોંધાતા જ તંત્ર સતર્ક બની ગયુ છે અને સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ વેક્સિનેશન સઘન બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને ૯ હજાર જેટલા લોકોને આજે આ અભિયાન અંતર્ગત આવરી લીધા હતા.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામેથી એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ યુવાન વિદેશ પ્રવાસે હતો અને પરત ફર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજના મળેલા દર્દી સહિત કુલ બે દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં આજે મળેલ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરના બન્ને એક્ટીવ કેસ હોમ આઈસોશનમાં સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ ઉપરાંર છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોના વાયરસના નવા ૧૪ કેસ નોંધાયા છે અને સામે ૨૫ દર્દી સાજા થયા છે. રાજ્યમાં આજે સાંજે ૪ વાગ્યા સુધીમાં કુલ ૫,૦૧,૮૪૫ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. રાજ્યમાં આજે કોરોના વાયરસના કારણે એકપણ દર્દીનું મોત નીપજ્યું નથી. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૮૧૫૦૬૬ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે.

# સરગાસણમાં ૧૫ કરોડના ખર્ચે પાણીની લાઈન નાંખવામાં આવશે

**ગુડાની બોર્ડ બેઠકમાં બિલ્ડરને કામચલાઉ ધોરણે પ્રતિ ૧ હજાર લીટર રૂ ૨૫ લેખે પાણી આપવાનો નિર્ણય લેવાયો : ટી. પી. વિસ્તારમાં ગુડા અને બિલ્ડર ૮૦-૨૦ના રેશિયોથી કામ કરશે**

ગાંધીનગર તા ૨૩

ગુડાની આજે બોર્ડ બેઠક મળી હતી આ બોર્ડ બેઠક દરમિયાન સરગાસણમાં પાણીની લાઈન નાંખવા માટે રૂ ૧૫ કરોડના કામને મંજુરી આપવામાં આવી હતી આ ઉપરાંત ગુડા વિસ્તારમાં બિલ્ડરોને કામચલાઉ પાણી આપવા પણ નિર્ણય લેવાયો હતો જેમાં પ્રથમવાર બિલ્ડરોને પ્રતિ એક હજાર લીટર રૂ ૨૫ લેખે પાણી સપ્લાય આપવાનુ નક્કી થયુ હતુ.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં અનેકવિધ વિકાસના કામો હાથ ધરવામાં આવે છે. ગ્રીન સીટી અને ક્લિન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે ગુડા વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા સાથે હરિયાળા ઉદ્યાનોનુ પણ નિર્માણ કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારો અને મધ્યમવર્ગને અનુલક્ષી નવા આવાસો પણ બાંધવામાં આવી રહ્યા છે. અગાઉ ચિલોડા, રાયસણ અને અડાલજમાં આવાસો તૈયાર કરાયા બાદ કુડાસણમાં પણ મોકાની જગ્યામાં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે હાલ વાવોલ, સરગાસણમાં પણ નવા આવાસો બાંધવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ગુડાની આજે મળેલી બેઠકમાં પણ વિવિધ ટી પી વિસ્તારને અનુલક્ષી મહત્વના કામો હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. જિલ્લા કલેકટર તેમજ ગુડાના અધિકારીઓની હાજરીમાં યોજાયેલી બોર્ડ બેઠક દરમિયાન ટી પી અને ડી પી વિસ્તારને અનુલક્ષી કેટલીક મહત્વની કામગીરી કરવાનો નિર્ણય લેવાયો હતો જેમાં ટી પી -૭ સરગાસણમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે રૂ ૧૫ કરોડના ખર્ચે નવી લાઈન નાંખવા માટેની કામગીરી હાથ ધરવાના કામને પણ મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં બિલ્ડરોને કામચલાઉ પાણી સપ્લાય કરવા માટે પણ નિર્ણય લેવાયો હતો જેમાં બિલ્ડરને કામચલાઉ ધોરણે જરૂરિયાત

● અનુસંધાન પાન-૫ પર

# મનપાને ૪ માસમાં વાહન વેરા અને વ્યવસાય વેરાની રૂ. ૭.૫૦ કરોડની આવક

## નવા વ્યવસાયકારોને શોધવાની કામગીરી સઘન બનાવાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાકિ દ્વારા વ્યવસાય વેરો અને વાહન વેરાની આવકમાં પણ આ વખતે સારી એવી આવક મેળવી છે. આ બન્ને વેરા પેટે મનપાને છેલ્લા ૪ મહિનામાં જ રૂ. ૭.૫૦ કરોડ જેટલી આવક થવા જાય છે.

મળતી આધારભૂત વિગતો પ્રમાણે વ્યવસાય વેરા પેટે મનપાને રૂ. ૫ કરોડ જેટલી આવક થવા પામી છે. નવા વ્યવસાયકારોને શોધી અને આવક વૃદ્ધિ પર તંત્રએ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વ્યવાસય વેરાની આવક ૧૫ કરોડ સુધી લઈ જવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તંત્રએ આ માટેનો રોડમેપ તૈયાર કરી લીધો છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગત વર્ષે મનપાને આ ૪ માસના સમયગાળા સુધીમાં રૂ. ૩ કરોડ ૧૪ લાખની આવક થઈ હતી. જો કે કોરોનાની મહામારીને કારણે આવક ઓછી થઈ હોવાનું તંત્રના સૂત્રો આડકતરો એકરાર કરી રહ્યા છે.

મનપાને આ વર્ષે પ્રથમ ૪ માસમાં જ વાહન વેરાની આવક પેટે રૂ. ૨.૫૫ કરોડ મળ્યા છે જે પણ ગત વર્ષની તુલનામાં વધારો થયાનું સૂચવે છે. ગત વર્ષે રૂ. ૧ કરોડ ૨૪ લાખની આવક આ ૪ માસ દરમ્યાન થઈ હતી.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે વ્યવસાયવેરા પેટે એપ્રિલમાં ૭૦ લાખ, મે માં ૧૧૧.૫૯ લાખ, જુનમાં ૧૦૯.૩૮ લાખ, જુલાઈમાં ૯૯.૩૮ લાખ અને ઓગષ્ટમાં અત્યાર સુધીમાં ૮૦ લાખ રૂ.ની આવક થઈ છે. ઓગષ્ટ માસને પુરો થવામાં હજુ એક સપ્તાહથી વધુ સમય બાકી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ડેપોમાં બે મુસાફરોનાં ખિસ્સાં કપાયાં

**૭૦ હજારની રોકડની ઉઠાંતરી : તહેવારના દિવસોમાં મુસાફરોની સલામતી માટે પોલીસ પહેરો મુકવા માંગણી**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર એસ ટી ડેપોમાં વારંવાર ગઠીયાઓ હાથફેરો કરી લેતા મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બને છે. હાલ તહેવારોના દિવસોમાં ડેપો સંકુલમાં મુસાફરોની ભીડભાડ વધી છે. ત્યારે રક્ષાબંધનના દિવસે બસમાં બેસતા બે મુસાફરોના ખિસ્સામાં ગઠીયાઓએ હાથફેરો કરીને રૂ ૭૦ હજારની રકમ સેરવી લેતા મુસાફરોમાં ભયની લાગણી વ્યાપી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં તહેવારોના દિવસોમાં મુસાફરોની વિશેષ ભીડ રહે છે. એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. છેલ્લો દોઢ દાયકાથી એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ સતત રજુઆતો કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ થઈ નથી. બીજીતરફ તહેવારોના દિવસોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે ડેપો સંકુલમાં જાણભેદુ ગઠીયાઓ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લેતા હોવાની ફરિયાદો રોજબરોજ ઉઠવા પામે છે. ગાંધીનગર ડેપોમાં વારંવાર આ પ્રકારની ચોરી થતી હોવાની ફરિયાદોના લીધે મુસાફરોમાં પણ ભય પ્રવર્તયો છે. બસમાં બેસતા મુસાફરોના મોબાઈલ,દાગીના અને પાકીટની પલવારમાં જ ઉઠાંતરી થઈ જાય છે. નવરાત્રિ, દિવાળી, હોળી ધુળેટી અને સાતમ આઠમ સહીતના તહેવારોમાં ડેપો સંકુલમાં વિશેષ ભીડભાડ જોવા મળે છે. બસમાં પણ મુસાફરોની સંખ્યા વધુ હોવાથી ડેપો સંકુલમાં ફરતા ગઠીયાઓ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી કીંમતી ચીજવસ્તુઓ સેરવી

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં પ્રોપર્ટી કાર્ડ માટે આજે માધવગઢમાં ડ્રોનથી સર્વે કરાયો

**સ્વામીત્વ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર તાલુકાની પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી થઈ છે**




ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના માધવગઢ ગામે આજે ડ્રોન ઉડાડી મિલ્કતોના સર્વેની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આજે તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યા સહિતના અધિકારીઓની ટીમ માધવગઢ ખાતે સવારે પહોંચી હતી અને ડ્રોન ઉડાડવાની કામગીરી તેમજ તૈયારીઓ કરી હતી.

અર્ધા કલાકની અંદર ડ્રોન દ્વારા આ સર્વેની કામગીરી સંપન્ન કરી દેવામાં આવી હતી. ડ્રોને ચાર રાઉન્ડ ગામની સીમાઓના લગાવી અને ગ્રામ્ય વિસ્તારની ફોટોગ્રાફી મિલ્કતોની કરી હતી.

ડ્રોન દ્વારા લેવામાં આવેલા ફોટોગ્રાફસ તેમજ મિલ્કતો અંગેની વિગતો હવે તંત્રને આપવામાં આવશે અને તેના આધારે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવશે.

ભારત સરકારના પંચાયતરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેક્નોલોજી દ્વારા મિલકતોની માપણી કરવા માટે સ્વામિત્વ યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત ભારત- રાજય સરકાર માટે સરવે ઓફ ઈન્ડિયા, પંચાયત વિભાગ અને મહેસુલ વિભાગના સંયુક્ત રીતે કામ કરશે.


આ યોજનાના સુચારૂ આયોજન અર્થે ગાંધીનગર જિલ્લાને પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. આ પાઈલોટ પ્રોજેકેટના સુચારૂ આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, પ્રાંત અધિકારી, જિલ્લા નોંધણી નિરીક્ષક, નાયબ નિયામક, જમીન દફતર/ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ લેન્ડ રેકર્ડજ, તાલુકા વિકાસ અધિકારી, ડિસ્ટ્રીક્ટ ઈન્ફોમેટિકસ ઓફિસર અને સરવે ઓફ ઈન્ડિયાની કમિટી બનાવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગરના વરિષ્ઠ પત્રકાર નીતિનભાઈ પટેલના માતૃશ્રી લક્ષ્મીબાનું નિધન



ગાંધીનગર તા.૨૩

ગાંધીનગરના ઈગલ.ન્યુઝના વરિષ્ઠ પત્રકાર નીતિનભાઈ પટેલના માતૃશ્રી લક્ષ્મીબેન છોટાલાલ પટેલનું ગઈકાલે રાત્રે તા.૨૦ ઓગસ્ટના રોજ દુઃખદ અવસાન થવા પામ્યું છે. તેઓ છેલ્લાં કેટલાક સમયથી બીમાર હતા અને દસેક દિવસથી હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ હતા તે દરમ્યાન ગઈકાલે રાત્રે તેમણે દેહત્યાગ કર્યો હતો. પ્રવર્તમાન કોરોના મહામારીની માર્ગદર્શિકાને અનુસરીને સદગતનું ટેલિફોનિક બેસણું તા.૨૬મી ઓગસ્ટ ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન રાખવામાં આવ્યું છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com